પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૧૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૦-૦૫-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 218 PRICE :-RS. 1.50 DATE : 10-05-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

## હવે તો જાગો, સલાહ માનો, લૉકડાઉનથી જ સંક્રમણની ચેઈન તૂટશે :ISA

ન્યુ દિલ્હી,

ઈન્ડિયન મેડિકલ એસોસિએશને શનિવારે કહ્યું કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે 'જાગી' જવું જોઈએ અને કોવિડ ૧૯ (Covid-19) મહામારીથી પેદા થયેલા પડકારોને પહોંચી વળવા માટે પગલાં લેવા જોઈએ.

ડોકટરોના સંગઠન આઈએસએ એ પોતાના એક નિવેદનમાં એવો પણ આરોપ લગાવ્યો કે સ્વાસ્થ્ય મંત્રાલયે કોરોના વાયરસ સંક્રમણની બીજી લહેરને પહોંચી વળવા માટે યોગ્ય પગલાં ભર્યા નથી.

નિવેદનમાં કહેવાયું છે કે 'આઈએસએ માગણી કરે છે કે સ્વાસ્થ્ય મંત્રાલયે ઊંઘમાંથી જાગવું જોઈએ અને કોવિડ-૧૯ મહામારીના કારણે વધી રહેલા પડકારોને પહોંચી વળવા માટે પગલાં ભરવા જોઈએ.'

નિવેદન મુજબ 'કોવિડ-૧૯ મહામારીની બીજી ભયાનક લહેરના કારણે પેદા થયેલા સંકટમાં સ્વાસ્થ્ય મંત્રાલયની ઢીલાશ અને અયોગ્ય નિર્ણયોને લઈને આઈએસએ એકદમ સ્તબ્ધ છે.'

તેમાં કહેવાયું છે કે આઈએસએ છેલ્લા ૨૦ દિવસથી સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સારું બનાવવા અને સાધન સામગ્રી તથા કર્મીઓને ફરીથી તૈયાર કરવા માટે પૂર્ણ અને સુનિયોજિત રાષ્ટ્રીય લોકડાઉન પર ભાર મૂકી રહ્યું છે. તેમણે કહ્યું છે કે અલગ અલગ લોકડાઉનથી કઈ વળશે નહીં. અલગ અલગ રાજ્યો પોત પોતાને સ્તરે લોકડાઉન લગાવી રહ્યા છે. તેનાથી કોઈ ફાયદો થવાનો નથી.

આઈએસએ એ એમ પણ કહ્યું છે કે કેન્દ્ર સરકારે તેમની વાત માનીને પૂર્ણ લોકડાઉન લગાવ્યું હોત તો આજે દૈનિક ૪ લાખ કેસ જોવા ન મળ્યા હોત. આજે દરરોજ મધ્યમ સંક્રમિતથી ગંભીર સંક્રમિત થનારા કેસની સંખ્યામાં ૪૦ ટકાનો વધારો થયો છે. રાતે કર્ફ્યૂ લગાવવાથી કોઈ ફાયદો થયો નથી.

ડોકટરોના સંગઠન આઈએસએ એ એવો પણ આરોપ લગાવ્યો છે કે કોરોના મહામારી સામે મુકાબલો કરવા માટે જે પણ નિર્ણયો લેવાઈ રહ્યા છે તેને વાસ્તવિક હાલાત સાથે કોઈ લેવાદેવા નથી. ઉપર બેઠેલા લોકો ગ્રાઉન્ડ હકીકતને સમજવા માટે તૈયાર નથી. આઈએસએ ના જણાવ્યાં મુજબ તેમના સભ્યો અને વિશેષજ્ઞોની સલાહને સરકારે બાજુમાં મૂકી દીધી.

આઈએસએ એ એમ પણ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કોરોનાને રોકવા માટે ઈનોવેટિવ ઉપાયો અજમાવી રહ્યા છે. તેમણે કહ્યું કે ૧ મેથી ૧૮ વર્ષની ઉપરના તમામ લોકોને રસી આપવામાં આવશે. પરંતુ દુઃખની વાત એ છે કે સ્વાસ્થ્ય મંત્રાલય આ સમગ્ર મુહિમનો યોગ્ય રોડમેપ બનાવી શક્યું નહીં. રસીના સ્ટોકની તૈયારી કરી શક્યું નહીં. તેના કારણે અનેક જગ્યાએ રસીકરણ ડ્રાઈવ શરૂ થઈ શકી નહીં.




## ગામડાઓ કોરોનાના ભરડામાં, દેશના ૩૦૧ જિલ્લાની સ્થિતિ ભયાનક

દેશમાં ૭૪૧ જિલ્લા માંથી ૪૦ ટકાથી વધારે એટલે કે ૩૦૧ જિલ્લામાં પોઝિટિવિટી રેટ ૨૦ ટકા અથવા આનાથી વધારે છે. આ આંકડો ૭ મેના સમાપ્ત થયેલા અઠવાડિયાનો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આને જાહેર કર્યો છે. આ જિલ્લા દેશના ૩૬ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પડે છે. આનાથી જાણવા મળે છે કે કોવિડ સંક્રમણની વર્તમાન લહેર ક્યાં સુધી ફેલાયલી છે. કોરોનાનો પોઝિટિવિટી રેટ વધતો દર્શાવે છે કે અત્યારે મોટા પ્રમાણમાં ટેસ્ટિંગ વધારવાની જરૂરિયાત છે. ગત અઠવાડિયા દરમિયાન (૧થી ૭ મે) દરમિયાન ૧૫ જિલ્લામાં પોઝિટિવિટી રેટ ૫૦ ટકાથી વધારે રહ્યો. આમાં હરિયાણાના ૪ જિલ્લા અને અરૂણાચલ પ્રદેશ તેમજ રાજસ્થાનના ૨-૨ જિલ્લા સામેલ છે. ખાસ વાત એ છે કે આમાંથી મોટાભાગના જિલ્લા ગ્રામીણ છે. કેમકે ટેસ્ટિંગના આંકડા ઉપલબ્ધ નથી, જેથી એ સ્પષ્ટ નથી કે આનું કારણે પુરતુ ટેસ્ટિંગ છે કે નહીં. ૭ દિવસના સમયગાળા માટે સૌથી વધારે પોઝિટિવિટી રેટ ૯૧.૫ ટકા અરૂણાચલ પ્રદેશના ચાંગલાંગ જિલ્લામાં જોવા મળ્યો. લિસ્ટમાં બીજુ નામ પોન્ડિચેરીના યનમનું છે. ત્યારબાદ યાદીમાં રાજસ્થાનનું બીકાનેર, અરૂણાચલ પ્રદેશ અને દિબાંગ વૈલી અને રાજસ્થાનનું પાલી છે. ૨૦ ટકા અથવા તેનાથી વધારે પોઝિટિવિટી રેટવાળા જિલ્લાની ટકાવારી સૌથી વધારે કેરળમાં છે. રાજ્યના ૧૪ માંથી ૧૩ જિલ્લામાં આ સ્થિતિ છે. હરિયાણા ૨૨ માંથી ૧૯, પશ્ચિમ બંગાળ ૨૩ માંથી ૧૯, દિલ્હી ૧૧ માંથી ૯ અને કર્ણાટક પણ એ રાજ્યોમાં છે જેમના ૭૦ ટકાથી વધારે જિલ્લા આ યાદીમાં છે.

## જર્મનીથી પહોંચ્યો 'ઑક્સીજન પ્લાન્ટ', રોજનો ૪ લાખ લીટર ઑક્સીજન તૈયાર થશે

ન્યુ દિલ્હી,

દેશના વિવિધ રાજ્યોમાં હાલ કોરોના વાયરસની બીજી લહેરે હાહાકાર મચાવી રાખ્યો છે. શનિવારે સતત ત્રીજા દિવસે દેશમાં કોરોના વાયરસના ૪ લાખથી વધુ નવા મામલા સામે આવ્યા. દર્દીઓની સંખ્યા વધવાની સાથે જ કેટલાય રાજ્યોના હોસ્પિટલોમાં ઑક્સીજનનો સંકટ પણ વધવા લાગ્યો છે. સંકટના આ સમયે અહીં ઑક્સીજન એક્સપ્રેસ દ્વારા અલગ અલગ રાજ્યોમાં ઑક્સીજન પહોંચાડવામાં આવી રહ્યો છે, જ્યારે વિદેશોથી પણ ભારતની મદદ માટે હાથ ઉઠી રહ્યા છે. આ કડીમાં શનિવારે જર્મનીથી ૪ લાખ લીટર ઑક્સીજન બનાવવાની ક્ષમતા વાળો ઑક્સીજન પ્લાન્ટ ભારત પહોંચ્યો. કોરોના વાયરસ મહામારીના સંકટમાં જર્મનીએ મદદ તરીકે શનિવારે એક ઑક્સીજન પ્લાન્ટ દિલ્હી મોકલ્યો. આ ઑક્સીજન પ્લાન્ટને ડીઆરડીઓ તરફથી ચલાવવામાં આવી રહેલ સરદાર પલ્લભભાઈ પટેલ કોવિડ હોસ્પિટલમાં સ્થાપિત કરાશે. જર્મનીના આ પ્લાન્ટમાં ૪ લાખ લીટર ઑક્સીજન બનાવવાની ક્ષમતા છે. ભારતમાં જર્મનીના રાજદૂત વાલ્ટર જે લિંડનરે શનિવારે આ પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું. ઑક્સીજન પ્લાન્ટના નિરીક્ષણ દરમ્યાન વૉલ્ટર જે લિંડનરે કહ્યું કે, 'કોરોના સંકટ દરમ્યાન ભારતે આગળ આવી દુનિયાની મદદ કરી. બસ એ ઉમ્મીદના બદલામાં જ હવે અમે ભારતની મદદ કરી રહ્યા છીએ. જ્યારે ભારતમાં સૌથી વધુ ઑક્સીજનની જરૂરત હોવાનું માલૂમ પડ્યું કે તરત જ અમે અમારી આર્મીને તૈયાર કરી અને વિરાટ ઑક્સીજન પ્લાન્ટ લઈને ભારત આવી ગયા. મારા હિસાબે સોમવારે સવાર સુધી આ પ્લાન્ટનું ટેસ્ટ રન કરી લેશું.'

જણાવી દઈએ કે અગાઉ ગુરુવારે ગ્રેટર નોઈડાના આઈટીબીપી રેફરલ હોસ્પિટલમાં પણ ઈટલીની મદદથી પણ એક ઑક્સીજન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો હતો. આ પ્લાન્ટથી એક સમયે ૧૦૦થી વધુ દર્દીઓને પાઈપલાઈન દ્વારા ઓક્સિજનની સપ્લાઈ કરવામાં આવી શકે છે. જ્યારે કોરોનાના દર્દીઓ માટે ઑક્સીજનનો સંકટ દૂર કરવા માટે દેશના કેટલાય હોસ્પિટલમાં પીએમ કેર્સ ફંડ અંતર્ગત ઑક્સીજન પ્લાન્ટ પણ સ્થાપિત કરાયા છે. આ ઉપરાંત ઑક્સીજન એક્સપ્રેસ દ્વારા વિવિધ રાજ્યોમાં ઑક્સીજનના ટેંકર પહોંચાડવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે દેશમાં હાલ કોરોના વાયરસનું સંક્રમણ ઘણું તેજીથી ફેલાઈ રહ્યું છે. શનિવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે પાછલા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૪,૦૧,૦૭૮ નવા દર્દી મળ્યા અને ૪૧૮૭ લોકોના મોત થયાં હોવાનું જણાવ્યું છે.

ચીનની બેલગામ રોકેટ હિંદ મહાસાગરમાં ખાબકી, ચીની મીડિયાએ કર્યો આ દાવો

જો કે એક દિવસમાં ૩ લાખ ૧૮ હજાર ૬૦૯ દર્દીઓ કોરોનાને માત આપી પોતાના ઘરે પાછા પણ ફર્યા છે. નવા દર્દીઓ મળ્યા બાદ દેશમાં હવે કોરોનાવાયરસના એક્ટિવ કેસ ૩૭,૨૩,૪૪૬ સુધી પહોંચી ગયો છે.

## રાજ્યમાં કોરોનાના કહેર વચ્ચે કાળઝાળ ગરમી, ૬ શહેરોમાં પારો ૪૨ ડિગ્રીને પાર

અમદાવાદ,

રાજ્યમાં એક તરફ કોરોનાનો આંક રોજ ૧૦ હજારનો આંક પાર કરી રહ્યો છે, તો બીજી તરફ ગરમીનો પારો પણ વધી રહ્યો છે. રાજ્યનાં ઘણા શહેરો એવા છે જ્યા ગરમીથી પારો ૪૦ ડિગ્રીથી પણ ઉપર પહોંચી ગયો છે. ત્યારે દિવસે પડી રહેલી આવી કાળઝાળ ગરમીમાં લોકો કામ વિના બહાર જવાનુ ટાળી રહ્યા છે.

આપને જણાવી દઈએ કે, રાજ્યનાં ૬ શહેરોમાં ગરમી ૪૨ ડિગ્રીને પાર પહોંચી ગઇ છે. રાજ્યમાં અમદાવાદ-સુરેન્દ્રનગરમાં ૪૨.૮ ડિગ્રી તાપમાન, વડોદરામાં ૪૧.૪ ડિગ્રી મહત્તમ તાપમાન, સુરતમાં ૩૬.૬ ડિગ્રી મહત્તમ તાપમાન, રાજકોટમાં મહત્તમ ૪૨.૧ ડિગ્રી તાપમાન, ગાંધીનગરમાં મહત્તમ ૪૨.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. વળી મળી રહેલી માહિતી અનુસાર, બે દિવસોમાં ગરમીમાં આંશિક ઘટાડો પણ નોંધાઈ શકે છે. વળી બીજી તરફ સૌરાષ્ટ્ર-કચ્છનાં અને દરિયાઈ વિસ્તારમાં હાલ સાઈક્લોનિક સર્ક્યુલેશન સર્જાઈ રહ્યું છે. જેને લઈને વાતાવરણમાં પણ અસર જોવા મળી રહી છે. છેલ્લા ઘણા દિવસોથી મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી ઉપર જ જોવા મળી રહ્યું છે ત્યારે લોકો ગરમીથી ખુબ જ અકળાઈ ગયા છે .જો કે બપોર બાદ વાદળછાયું વાતાવરણ હોય છે પરંતુ આ કારણે પણ ભારે ઉકળાટ અનુભવાય છે. આગામી બે દિવસમાં પવનની ગતિ ૩૦ થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની થાય તેવી શકયતા છે.


હવે આગામી ૨ દિવસ દરમિયાન ૩૦ થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે અને જૂનાગઢ અને અમરેલીમાં પણ છુટાછવાયા ગામોમાં હળવા ઝાપટા પણ પડી શકવાની આગાહી કરવામાં આવી છે. બીજી બાજુ શહેરનું ન્યુનત્તમ તાપમાન ૨૬ ડિગ્રી નોંધાયું હતું અને હવામાન ભેજનું પ્રમાણ પણ સતત વધઘટ થઈ રહ્યું હતું. સવારનાં સમયે લગભગ ૭૪ ટકા અને સાંજનાં સમયે ૧૧ ટકા ભેજનું પ્રમાણ જોવા મળ્યું હતું. ત્યારે હવાની ગતિમાં પણ બદલાવ જોવા મળ્યો હતો. સવારનાં ૧૫ કિ.મી. પ્રતિકલાક અને સાંજનાં ૧૩ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, સૌરાષ્ટ્ર-કચ્છમાં વાતાવરણ ડ્રાય રહેશે. બીજી તરફ ન્યુનતમ તાપમાન અને હવામાં ભેજનું પ્રમાણ વધતાં સાંજનાં સમયે ઠંડા પવનની પણ લોકોને અનુભુતિ થાય છે. આગામી ૧૫ મે બાદ ગુજરાતમાં પ્રિ-મોન્સુન એક્ટિવીટીનો પ્રારંભ થવાની પૂરી સંભાવનાઓ છે.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગરમાં આજે ૧૪૦ પોઝિટિવ કેસ નોંધાયા : જિલ્લામાં કોરોનાના કુલ ૫૯૦૫ પોઝીટીવ કેસ નોંધાયા



**મહીસાગરમાં કોરોનાના કેસની સંખ્યા**

| |
|---|
| બાલાસીનોર-૪૨ |
| કડાણા-૧૫ |
| ખાનપુર-૧૨ |
| લુણાવાડા-૨૨ |
| સંતરામપુર-૩૭ |
| વિરપુર-૧૨ |

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૨૦ સ્ત્રી, ૨૨ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૧૪ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૭ સ્ત્રી, ૦૫ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૧૩ સ્ત્રી, ૦૯ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૧૮ સ્ત્રી, ૧૯ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૭ સ્ત્રી અને ૦૫ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૯-૦૫-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૫૯૦૫ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૯ સ્ત્રીં, ૧૫ પુરૂષ, કડાણા તાલુકાની ૦૮ સ્ત્રી, ૦૫ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૪ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૧૦ સ્ત્રી, ૧૮ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૮ સ્ત્રી, ૧૨ પુરૂષ અને વિરપુર તાલુકાના ૦૮ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૪૧૯૫ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૧૪૬૭૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૧૧૬૧ દર્દી હોમ આઈસોલેશન, ૬૯ દર્દી એસ.ડી.એચ.સંતરામપુર, ૮૫ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૮૫ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૪૫૪ દર્દીઓ સ્ટેબલ, ૧૬૫ દર્દીઓ ઓક્સિજન પર અને ૧૮ વેન્ટીલેટર પર છે.

## બાલાસિનોર તાલુકાના પરબિયા ગામના મહેશભાઇ ધુળાભાઇ પટેલ સામે હોમ કોરોન્ટાઇનનો ભંગ કરવા બદલ ગુન્હો દાખલ કરવામાં આવ્યો

લુણાવાડા,
વિશ્વ આરોગ્ય સંસ્થાએ જેને વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. તે નોવેલ કોરોના વાઈરસ (કોવિડ-૧૯)નું સંક્રમણ હાલમાં ભારત સહિત સમગ્ર રાજયમાં અને મહીસાગર જિલ્લાોમાં વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યું છે. આ સંક્રમણ વધુ પ્રમાણમાં ન ફેલાય અને તેને અટકાવવા માટે કેન્દ્ર-રાજય સરકાર અને જિલ્લા વહીવટી-આરોગ્ય અને પોલીસ તંત્ર સતત રાત-દિવસ અથાક પરિશ્રમ કરી રહ્યું છે. ત્યારે અમુક લોકોને જાણે કે કાંઈ જ પડી ન હોઈ તેમ પોતે સંક્રમિત હોવા છતાં પણ બહાર ફરતાં રહે છે. જેના કારણે પોતે તો સંકટમાં મૂકાય છે પણ બીજાને પણ સંકટમાં મૂકતા હોય છે.

આ માટે જિલ્લા કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લાા પોલીસ વડા રાકેશ બારોટ અને નાયબ પોલીસ અધિક્ષકએ હાલમાં ચાલી રહેલ કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે કોવિડ-૧૯ની સુચનાઓ, જાહેરનામા અને ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન થાય તે માટે જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના પોલીસ જવાનોને કડક કાર્યવાહી હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી છે.

આ સૂચનાના આધારે જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્પેસ્પેકટરો દ્વારા તમામ તકેદારીના પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે બાલાસિનોર પોલીસ સ્ટેનશનના પોલીસ ઈન્સ્પેકટર એમ. વી. ભગોરાના માર્ગદર્શન હેઠળ અ.હે.કો. રમેશભાઇ માધાભાઇ, અ.પો.કો. ચિરાગકુમાર નારસિંગભાઇ અને મહેન્દ્ર ભાઇ કોહ્યાભાઇ તા. ૮મીના રોજ પોલીસ ટીમ સાથે કોરોનાથી અસરગ્રસ્ત થયેલ (પોઝીટીવ) વ્યકિતઓ કે જેઓ હોમ કોરોન્ટાઇમાં છે. તેઓ હોમ કોરોન્ટાઇમાં રહે છે કે કેમ તેની ચકાસણી કરી રહ્યા હતા. આ ચકાસણી દરમિયાન બાલાસિનોર તાલુકાના પરબિયા ગામના મહેશભાઇ ધુળાભાઇ પટેલ ઉ.વ. ૩૩ કે જેઓનો તા. ૭/૫/૨૦૨૧ના રોજ પાંડવા ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સેમ્પલ લેવામાં આવ્યું હતું અને તેમને રીપોર્ટ પોઝીટીવ આવતાં તેમને તથા તેમના કુટુંબના પાંચ સભ્યો સાથે હોમ કોરોન્ટાઇનમાં રહેવાની સૂચના આપવામાં આવી હોવા છતાં તેઓએ હોમ કોરોન્ટાવઈનનો તેમજ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામનો ભંગ કરેલ હોવાનું જણાઇ અવાતાં તેઓના વિરૂદ્ધમમાં ઈ.પી.કો. કલમ-૨૬૯, ૨૭૦ તથા એપેડેમીક એકટ-૧૮૯૭ની કલમ-૩(૧) મુજબ ગુન્હોટ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું બાલાસિનોર પોલીસ સ્ટેકશનના પોલીસ ઈન્સ્પેકટર દ્વારા જણાવાયું છે.

આથી જિલ્લાકના નાગરિકો કે જેઓ હોમ કોરોન્ટાઇન છે તેઓન હોમ કોરોન્ટાઇનનું ચૂસ્તલપણે પાલન કરી આપવામાં આવેલ સૂચનાઓનું પાલન કરે અને જાતે સલામત રહી બીજાને પણ સલામત રાખે એ આજના સમયની માંગ છે.

જિલ્લાના નાગરિકોને આથી અપીલ છે કે, જો તમે હોમ કોરોન્ટાઇનમાં હોય તો હોમ કોરોન્ટાઇનમાં જ રહો જિલ્લાનું વહીવટી-આરોગ્યપોલીસ તંત્ર ગમે ત્યારે ઓચિંતી ચકાસણી કરશે અને જો ભંગ કરેલો જણાઇ આવશે તો કાયદેસરની કાર્યવાહીમાંથી નહીં બચી શકો માટે કાયદેસરની કાર્યવાહીમાંથી બચવા ગાઈડલાઈનનું પાલન કરો.

## મહિસાગર જિલ્લાના નાગરિકો હજુ પણ ચેતી જાવ... ગાઈડલાઈનનું પાલન કરો



લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં લગ્ન પ્રસંગોમાં ગાઈડલાઈન અને જાહેરનામાના ભંગ બદલ વહીવટી અને પોલીસ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી રહેલ ચેકીંગની કામગીરી અને કરવામાં આવી રહેલ કાયદેસરની કાર્યવાહીના સમાચારો પ્રસારિત થઇ રહ્યા છે, છતાં પણ મહીસાગરવાસીઓમાં જિલ્લા કલેકટરની અપીલ હોય કે પ્રસારિત થતા સમાચારો હોય જાણે કે કોઈ અસર ન થતી હોય તેમ હજુ પણ લોકો તેને ગંભીરતાથી નથી લઈ રહ્યા અને લગ્નન પ્રસંગોમાં જરૂરિયાત કરતાં વધુ મહેમાનોને આમંત્રિત કરી રહ્યા છે. આથી જિલ્લાાના નાગરિકો હજુ પણ ચેતી જાવ અને ગાઈડલાઈનનું પાલન કરો. જો સરકારની ગાઈડલાઈનનો કે કલેકટરના જાહેરનામાનો ભંગ કરશો તો કાયદેસરની કાર્યવાહીમાંથી નહીં બચી શકો.

જિલ્લા કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લાા પોલીસવડા રાકેશ બારોટ અને નાયબ પોલીસ અધિક્ષકએ હાલમાં ચાલી રહેલ કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે કોવિડ-૧૯ની સુચનાઓ, જાહેરનામાં અને ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન થાય તે માટે જિલ્લાના તમામ પોલીસ સ્ટે શનના પોલીસ જવાનોને કડક કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી છે.

આ સુચનાના આધારે આજે ગઈકાલે તા. ૮મીના રોજ કોઠંબા પોલીસ સ્ટેશનના પોલીસ જવાનો પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઓનલાઈન મંજૂરીવાળા લગ્ના પ્રસંગના સ્થળો ચેક કરી રહ્યા હતા. આ ચકાસણી દરમિયાન નવી સીગ્નલી ગામે રહેતા રતનસિંહ ભૂપતસિંહ રાઠોડએ પોતાના ઘરે લગ્નન પ્રસંગનું આયોજન કર્યું હતું. આ લગ્ન પ્રસંગની ચકાસણી કરતાં મંજૂરી કરતાં વધારે માણસો ભેગા કર્યા હતા અને સોશિયલ ડિસ્ટેન્સન જાળવેલ નહીં અને જાહેરનામાનો ભંગ કરેલ હોવાનું જણાઈ આવતાં તેઓના વિરૂધ્ધમાં ઈ.પી.કો. કલમ-૨૬૯ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ની કલમ-૩(૧) મુજબ કોઠંબા પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી કરવામાં આવી હોવાનું તેમજ કોઠંબા પોલીસ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં પેટ્રોલીંગ દરમિયાન ૧૪૫ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે લગ્નમાં તેમજ જાહેરમાં માસ્ક પહેર્યા વગર ફરતા કુલ-૧૪ વ્યકિતઓને માસ્ક એન.સી. આપી કુલ રૂ. ૧૪ હજારનો દંડ વસુલ કરવામાં આવ્યો. હોવાનું કોઠંબા પોલીસ સ્ટેશન દ્વારા જણાવાયું છે.

આથી મહીસાગરવાસીઓ પોતાને ત્યાં યોજાતા લગ્નન પ્રસંગો કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ અને નિયત મહેમાનોની હાજરીમાં જ યોજવામાં આવે તે જોજો. જિલ્લાજનું પોલીસ તંત્ર ગમે ત્યારે ચેકીંગ કરશે અને જો સહેજપણ ગાઈડલાઈનનો ભંગ થશે તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગુન્હો નોંધવામાં આવશે તેની મહીસાગરવાસીઓએ ગંભીરતાથી નોંધ લેવી.

**મારૂ ગામ- કોરોનામુક્ત ગામ**

## પંચમહાલ જીલ્લાના વિવિધ કોવિડ કેર સેન્ટરની મુલાકાત મંત્રી જયદ્રથસિંહ પરમારે લઈ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
કોરોના વાયરસની બીજી લહેરમાં ગ્રામ્ય વિસ્તારોને સંક્રમણ સામે સુરક્ષિત કરવા તેમજ સ્થાનિક સ્તરે ઝડપી સારવાર ઉપલબ્ધ કરાવવાના ઉદેશ્યથી શરૂ કરાયેલ 'મારૂ ગામ કોરોનામુક્ત ગામ' અભિયાન અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પણ ગામેગામ કોવિડ કેર સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે. આજે કૃષિ પંચાયત અને પર્યાવરણ રાજયમંત્રી જયદ્રથસિંહ પરમારે પંચમહાલ જિલ્લાના સાતેય તાલુકાના આવા વિવિધ કેર સેન્ટરોની જાત મુલાકાત લઈ ઉપલબ્ધ સારવાર સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. રાજયમંત્રીઅને હાલોલના ધારાસભ્ય પરમારે જાંબુઘોડા તાલુકાના ડુમા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, હાલોલ તાલુકાના શિવરાજપુરની કે.વી.એસ. હાઈસ્કૂલ, ઘોઘંબા તાલુકાની રણજિતનગર પ્રાથમિક શાળા, કાલોલ તાલુકાની રાબોડ પ્રાથમિક શાળા, ગોધરા તાલુકાની નવા મોરડુંગરા પ્રાથમિક શાળા, શહેરા તાલુકાની બાહી પ્રાથમિક શાળા અને મોરવા હડફ તાલુકાના સાલીયા પ્રાથમિક શાળા ખાતે ઉભા કરાયેલ સેન્ટરોની રૂબરૂ મુલાકાત લઈ કોવિડ-૧૯ સંક્રમણને દ્યાનમાં લઈ પ્રાથમિક સારવાર અને આઈસોલેશન માટે ઉભી કરાયેલી સુવિધાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ હાથ ધર્યુંહતું. તેમણે આ કેન્દ્રો પર કોવિડના લક્ષણો ધરાવતા શંકાસ્પદ કેસો તેમજ હળવા લક્ષણોધરાવતા કેસો માટેઆઈસોલેશન તેમજ તેમની પ્રાથમિક સારવાર માટે દવાઓ, મેડિકલ સાધનો, બેડ, રહેવા-જમવા સહિતની સુવિધાઓ, સેન્ટર પર રાખેલા દર્દીઓના સ્વાસ્થયની સ્થિતિ પર નજર રાખવા માટે ઉપલબ્ધ આરોગ્યકર્મીઓ, કર્મીઓની રાઉન્ડ ધ ક્લોક ડ્યુટી, સર્વે અને ધન્વન્તરી રથની કામગીરી સહિતની બાબતો અંગે વિગતવાર માહિતી મેળવી ઉપયોગી માર્ગદર્શન અને સૂચનાઓ આપ્યા હતા. જ્યાંથી વધુ કેસો મળી રહ્યા હોય તેવા વિસ્તારો આઈડેન્ટીફાઈ કરી ત્યાં સઘન સર્વે કરી આવા હોટસ્પોટ વિસ્તારોમાં ધન્વન્તરી રથ-ટેસ્ટિંગ-દવાઓનું વિતરણ સહિતની કામગીરી ઝડપી બનાવવા સૂચના આપી હતી. કેન્દ્રો પર ઉપસ્થિત આરોગ્યકર્મીઓને કોવિડ કેસોની પ્રાથમિક સારવાર માટેના ટ્રીટમેન્ટ પ્રોટોકોલ-ડિસ્ચાર્જ પ્રોટોકોલ તેમજ રિફર પ્રોટોકોલ વિશે પૂરતી માહિતી છે કે કેમ, કેન્દ્રો પર જરૂરી એન્ટી વાયરલ-એન્ટિ બાયોટીક, સ્ટેરોઈડ સહિતની દવાઓની ઉપલબ્ધિની સ્થિતિ વિશે માહિતી મેળવતા દરેક સીએચસી પર તેમની ઉપલબ્ધિત સુનિશ્ચિત કરવા મંત્રીએ સૂચના આપી હતી.

કોરોનાની આ પરિસ્થિતિ ખાળવામાં ગ્રામજનોનો સહયોગ અને સક્રિયતા અતિ મહત્વના પરિબળો છે ત્યારે સ્થાનિક આગેવાનોની ભૂમિકા અગત્યની રહેવાની છે તેમ જણાવતા તેમણે આગેવાનોને ગામના લોકો આ આઈસોલેશનનું, સમયસર ટેસ્ટિંગ અને સારવાર લેવાનું મહત્વ સમજે અને ઉભા કરાયેલા કેન્દ્રો પર આ સુવિધાઓ લેતા થાય અને ગામડાઓમાં કોરોનાને પ્રસરતો અટકાવવામાં પોતાનો સહયોગ આપે તે માટે સમજાવવા પણ અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સામાન્ય તાવ, શરદી, ઉધરસના લક્ષણો સાથે શરૂ થતી આ બિમારીની શરૂઆતમાં દર્દીની સ્થિતિ પર યોગ્ય નિરીક્ષણ રાખીને સારવાર-દવાઓ-યોગ્ય ખાનપાન આપવામાં આવે તો મોટાભાગના કેસો ક્રિટીકલ બનતા અટકાવી શકાય છે અને તે રીતે મેડિકલ સંસાધનોનો જરૂરતમંદ દર્દીઓ માટે ઉપયોગ શક્ય બને છે. જેથી ગ્રામ્ય સ્તરે આવી રહેલા કેસોની સારવાર ગામમાં જ ઝડપથી અને અસરકારક રીતે થઈ શકે તે માટે આ અભિયાન અંતર્ગત ગામોમાં આ સુવિધા ઉભી કરવામાં આવી છે.

મારૂ ગામ કોરોનામુક્ત ગામ અભિયાન હેઠળ જિલ્લામાં ૪૮૭ કોવિડ કેર સેન્ટર્સ પર ૨૩૯૫ બેડની સુવિધા ઉભી કરવામાં આવી છે. ગામડાઓમાં જેમના ઘરે આઈસોલેટ થવાની સુવિધા ન હોય તેઓ માટે આ સેન્ટરો જરૂરી સુવિધાઓ પૂરી પાડે છે. આ ઉપરાંત, આ કેન્દ્રો પર દર્દીનું તાપમાન, એસપીઓટુનું લેવલ, બીપી માપવા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. ગામડાઓમાં લોક ભાગીદારીથી શરૂ કરવામાં આવેલા આ કેન્દ્રોમાં દર્દીઓને દવા, ચા, નાસ્તો તેમજ બે વેળાનું ભોજન આપવામાં આવી રહ્યું છે.આ ઉપરાંત પી.એચ.સી, સી.એચ.સી ના તબીબો દ્વારા આવા દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. તાલુકા દીઠ વર્ગ - ૧ ના અધિકારીઓની લાયઝન અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી છે કે જેઓ સામુહિક કોવિડ કેર સેન્ટરમાં દાખલ થતા દર્દીઓને અસરકારક આરોગ્ય સેવાઓ મળી રહે તેના પર ધ્યાન કેન્દ્રિત કરશે.દરેક ગામ દીઠ ગામ આગેવાનોની દસ સભ્યોની સમિતિ બનાવવામાં આવી છે. જે ગ્રામજનોને માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ જાળવવા સહિત કોવિડનું નિર્ધારિત પ્રોટોકોલ જાળવવામાં મદદરૂપ બનશે.

મંત્રીએ સુવિધાઓનું નિરીક્ષણ કરવા ઉપરાંત તાલુકા સ્તરે ઓક્સિજનની સુવિધાઓ ધરાવતા બેડની વધારાની સુવિધાઓ ઉભી કરવાના આયોજન અંગે પણ અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત લઈ ચર્ચા કરી હતી.

કૃષિ રાજયમંત્રીની આ મુલાકાત દરમિયાન જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબહેન સોલંકી, જિલ્લા કલેક્ટર અમિત અરોરા, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.રાઠોડ, ઈન્ચાર્જ સીડીએચઓ પી.કે. વાસ્તવ, પ્રાંત અધિકારી સર્વ એ.કે.ગૌતમ, એન.બી.રાજપૂત અને જયકુમાર બારોટ, સબંધિત કેન્દ્રના વ્યવસ્થાપક અધિકારીઓ-સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

આજરોજ મહારાણા પ્રતાપની જયંતિ નિમિત્તે ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજી અને તેઓના પુત્ર માલવદીપસિંહ રાઉલજી દ્વારા ગોધરા શહેરમાં આવેલ રાજપૂત સમાજ હોલ ખાતે રકતદાન અને પ્લાઝમા ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. હાલમાં ચાલી રહેલી કોરોના મહામારીમાં રક્તની અછત પણ સામે આવી છે. જ્યારે કોરોના દર્દીઓને પ્લાઝમા ટ્રિટમેન્ટ પણ આપવામાં આવી રહી છે. જેને ધ્યાનમાં રાખીને આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૬ યુનિટ રક્ત અને ૧૧ યુનિટ પ્લાઝમા એકત્રિત કરવામાં આવ્યા હતા.આમ મોટી સંખ્યામાં લોકોએ રક્તદાન કર્યું હતું. જ્યારે ૧૧ જેટલા કોરોનાને મ્હાત આપી સાજા થયેલા વ્યક્તિઓએ પોતાના પ્લાઝમા ડોનેટ કર્યા હતા. ડો.શ્યામસુંદર શર્મા નો પણ આ કેમ્પમાં સહયોગ સાંપડ્યો હતો.



ગુજરાત રાજયના અધિક પોલીસ મહાનિર્દેશક જેલ અને સુધારાત્મક વહીવટની કચેરીના ડો. કે.એલ.એન. રાવ ની સૂચનાને લઈને આજે ગોધરા ખાતે આવેલી જિલ્લાની મુખ્ય જેલ સબજેલ ખાતે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

## કાલોલ નગરમાં પાલિકા અને LNT વિભાગના ગટરનાં ઢાંકણામાં વધુ એક ગાડી ખાબકી



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ નગરમાં આવેલ ગટરનાં ઢાંકણા ટુંકી અને ખુલ્લાં હોવાને કારણે અવારનવાર ફોર વ્હીલર ગાડીઓ ગટરમાં ખાબકી જતી હોવાના કિસ્સાઓ બનતા હોય છે.પરંતુ હજું સુધી પાલિકા તંત્ર કે એલ.એન.ટી.વિભાગની આંખ ખુલતી નથી. કાલોલ નગરમાં આવેલ પેટ્રોલ પંપ સામે રવિવારના રોજ શામળદેવીના જાગૃત નાગરિક અને એચ.બી.એન.ન્યુઝ ચેનલના પત્રકાર નગરમાંથી પસાર થતાં ગાડીનું ટાયર ગટરનાં ઢાંકણા સાથે ગટરમાં ખાબક્યું હતું. જોકે ગાડી ને સામાન્ય નુકશાન પહોંચ્યુ હતું. વારંવાર આવી ઘટનાઓ બનવા છતાં નિષ્કાળજી ધરાવતુ તંત્ર શું મોટી જાણ હાણીની રાહ જોઈ રહ્યા છે ? તેવા નગરજનોમાં પ્રશ્નો ઉદ્ભવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૦-૦૫-૨૦૨૧, સોમવાર, ચૈત્ર વદ-૧૪, સૂર્યોદય-૬-૦૨, સૂર્યાસ્ત-૭-૦૭, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : મેષ (અ,લ,ઈ) , નક્ષત્રઃ અશ્વિની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૦.૦૫.૨૦૨૧ સોમવાર

મેષ (અ,લ,ઈ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે.

વૃષભ (બ,વ,ઉ) : આવક જાવક નો હિસાબ રાખવો પડે,ખર્ચ પર અંકુશ રાખવો.

મિથુન (ક,છ,ઘ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે,પ્રગતિકારક દીવસ રહે.

કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક.

સિંહ (મ,ટ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે.

કન્યા (પ,ઠ,ણ) : માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય.

તુલા (ર,ત) : જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

વૃશ્ચિક (ન,ય) : તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે.

ધન (ધ,ભ,ફ,ઢ): પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય.

મકર (ખ,જ) : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય,દિવસ આનંદ માં વીતે.

કુંભ (ગ,સ,શ ) : નવા કાર્યમાં આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે.

મીન (દ,ચ,ઝ,થ): તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો,દિવસ શુભ રહે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં આજે ૭૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા બે દિવસથી કોરોના સંક્રમણના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. કોરોનાના કેસોમાં ઘટાડો નોંધાતાં જિલ્લાવાસીઓએ રાહતનો દમ લીધો છે. ત્યારે આજે ૭૯ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. બીજી તરફ આજે ૦૫ દર્દીઓએ કોરોથી જીવ ગુમાવ્યાં છે.

આર.ટી.પી.સી.આર.ના ૧૪૧૦ પૈકી ૬૨ અને રેપીટ ટેસ્ટના ૩૬૦ પૈકી ૧૭ મળી આજે કુલ ૭૯ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૭૯ પૈકી દાહોદ અર્બનમાંથી ૧૪, દાહોદ ગ્રામ્યમાંથી ૦૪, ઝાલોદ અર્બનમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૧૯, દેવગઢ બારીઆ અર્બનમાંથી દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૯, લીમખેડામાંથી ૦૩, સીંગવડમાંથી ૦૧, ગરબાડામાંથી ૦૯, ધાનપુરમાંથી ૦૪, ફતેપુરામાંથી ૦૮ અને સંજેલીમાંથી ૦૫ કેસનો સમાવેશ થાય છે. ઘટતાં કેસોની સાથે રાહતના સમાચાર એ પણ છે કે, દાહોદ જિલ્લામાં કોરોનાથી સાજા થતાં દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. આજે એકસાથે ૧૧૬ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી ત્યારે એક્ટીવ કેસની સંખ્યા પણ ઘટીને ૭૮૭ પર પહોંચી છે. દાહોદ જિલ્લામાં આજે વધુ ૦૫ દર્દીઓના કોરોનાથી મોત નીપજતાં જિલ્લામાં કુલ મૃત્યુઆંક ૩૧૧ ને પાર પહોંચી ગઈ છે. દાહોદ જિલ્લામાં હવે મંથર ગતિએ કોરોના સંક્રમણના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે અને આશા છે કે, આવનાર દિવસોમાં કોરોનાના કેસો ઘટવાની પણ સંભાવનાઓ વ્યક્ત કરાઈ રહી છે.

**દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા**

| : અર્બન વિસ્તારો : |
|---|
| દાહોદ-૧૪ |
| ઝાલોદ-01 |
| **: ગ્રામ્ય વિસ્તારોમાં :** |
| દાહોદ-0૭ |
| ઝાલોદ-૧૯ |
| દે.બારીયા-0૯ |
| લીમખેડા-03 |
| સીંગવડ-0૧ |
| ગરબાડા-0૯ |
| ધાનપુર-0૪ |
| ફતેપુરા-0૮ |
| સંજેલી-0૫ |

# સુખસરના આડતિયા દ્વારા લગ્ન કરી આપવાની લાલચ આપી બે યુવાનો સાથે પાંચ લાખ રૂપિયાની છેતરપિંડી !



દાહોદ,

ફતેપુરા તાલુકાના સુખસરમાં રહેતા એક આડતીયા દ્વારા ઝાલોદ તથા લીમડીના સબંધીઓના પુત્રના લગ્ન કરાવી આપવાની બાહેધરી આપી રાજસ્થાન પીઠ-સીમલવાડા બાજુના ઈસમોનો સંપર્ક કરતા કન્યાઓ બતાવી કન્યાઓને વળાવી આપવાનું નક્કી થતા બે કન્યાના નક્કી થયેલ નાણા પડાવી છેતરપિંડી નો શિકાર બનાવતી રાજસ્થાની ટોળકી ફરાર થઈ જવા પામેલ હોવાનું જાણવા મળ્યુ છે.

જાણવા મળેલ વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસરમાં રહેતા એક આડતીયા દ્વારા પોતાના સંબંધી એવા એક ઝાલોદના તથા બીજા લીંબડીના મસીયાઈ ભાઈઓને લગ્ન કરાવી આપવાની લાલચ આપી એક કન્યાના અઢી લાખ રૂપિયા લેખે બે કન્યાના પાંચ લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યા હતા. ત્યારબાદ છેતરપિંડીનો શિકાર બનાવતી રાજસ્થાની ટોળકી ઝાલોદ તથા લીમડી ગામે છોકરાઓના મકાનો જોવા પણ આવી હતી.ત્યારબાદ નક્કી થયેલ નાણામાંથી કન્યાના કપડાં વગેરે માટે પચાસ-પચાસ હજાર રૂપિયા કહેવાતા છોકરી પક્ષવાળાઓ છોકરા પક્ષ પાસેથી લઈ ગયા હતા.ત્યારબાદ છોકરી પક્ષવાળાઓએ જણાવેલ કે હાલમાં લોકડાઉન ચાલી રહ્યું છે અને આપણે વધારે માણસો ભેગા કરવાના નથી અને તમો મંગળવારે ચારથી પાંચ માણસો પીઠ ખાતે આવજો અને મંદિરમાં વિધિ બાદ તમોને આ બંને કન્યાઓ વળાવી આપીશું.તેમ જણાવી સુખસરના આડતિયા સાથે ઝાલોદ તથા લીમડીના બે યુવાનોને રાજસ્થાનના પીઠ સીમલવાડા ખાતે બોલાવેલ.ત્યારબાદ કન્યાઓના દહેજ પેટે નક્કી થયેલ રોકડ રકમ પૈકી બાકીની રકમ બે-બે લાખ રૂપિયા રાજસ્થાની ટોળકીએ સુખસરના આડતિયાની હાજરીમાં લીધેલ.ત્યારબાદ બંને કન્યાઓને બોલાવી લગ્નની સામાન્ય વિધિ પતાવ્યા બાદ રાજસ્થાની ટોળકીએ જણાવેલ કે હાલમાં લોકડાઉન ચાલે છે.અને તમો હમણાં આવ્યા હતા અને પરત છોકરીઓ લઈને જશો તો તમને આગળ પોલીસ ચોકી ઉપર પકડી લેશે. માટે તમો તમારી ગાડી ઉપર જાઓ અને અમો અમારી ગાડી ઉપર આ છોકરીઓને તમારી સાથે લઈ થોડે સુધી મુકવા આવી શું.તેમ જણાવી ઝાલોદ તથા લીમડીના જાનૈયાઓને રવાના કરેલ.જોકે આ બે કન્યાઓને કહેવાતા પિયરીયાઓએ તેમની ગાડીમાં બેસાડી થોડે સુધી કન્યાઓને મુકવા આવવાના બહાના હેઠળ જોતજોતામાં કન્યાઓને મુકવા આવનાર ઈસમ સાથેની ગાડી પીઠ ગામની કોઈક ગલીમાંથી ફરાર થઈ ગયા હતા. જેથી આ બંને યુવાનો સહિત તેમના સંબંધીને લગ્નના નામે છેતરપિંડીનો શિકાર બનાવવામાં આવ્યા હોવાનો અહેસાસ થતાં બંને વરરાજાઓ સહિત તેમના સંબંધીઓ અને અડતિયાના પગ નીચેથી ધરતી ખસી ગઈ હતી.અને વીલા મોઢે લીલા તોરણે પાછા ફર્યા હતા. હાલ તો આ છેતરપિંડી નો શિકાર બનેલા બંને વરરાજાઓ સહિત તેમના સંબંધીઓ સુખસરના આડતિયા પાસે નાણાંની માગણી કરી રહ્યા છે.

# દાહોદ જીલ્લામાં કોરોના હોસ્પિટલમાં બેડ, ઓકસીજન અને વેન્ટીલેટરની અછતને લઈ કોંગ્રેસ દ્વારા આવેદન આપવામાં આવ્યું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોનાનો કેર યથાવત છે. ત્યારે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ કલેક્ટરને સંબોધતું એક આવેદન પત્ર આપી જણાવ્યું હતુ કે, હોસ્પિટલમાં બેડની વ્યવસ્થા, ઓકિસજનની વ્યવસ્થા, વેન્ટીલેટરની વ્યવસ્થા, ટેસ્ટીંગ કીટોની અછતની પુરતી, રેમડેસીવર ઈન્જેકશનની વ્યવસ્થા, વેકસીનેશનની વ્યવસ્થા તેમજ હોસ્પિટલમાં પુરતાં પ્રમાણમાં સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવે તે માટે કલેક્ટરને વિનંતી કરવામાં આવી હતી.

વધુમાં જાણવા મળ્યા અનુસાર, કોંગ્રેસ પ્રદેશ પ્રમુખના આદેશ અનુસાર, આજે શનિવારના રોજ દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનો, કાર્યકરો દ્વારા દાહોદ નગર પાલિકા ચોક ખાતે હાલની સરકારી નિતી રીતીના વિરોધમાં ધરણાં પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

દાહોદ જિલ્લા કલેક્ટરને આપવામાં આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોરોનાની પરિસ્થિતિ બેકાબબુ છે. રાજ્ય અને કેન્દ્ર સરકારના અણઘડ વહીવટ, સંકલનનો અભાવ અને ખોટી નિતીઓને કારણે લોકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યાં છે. ગુજરાતમાં હાલમાં પણ સ્થિતિ ખુબજ ગંભીર છે જે બાબતે હોસ્પિટલમાં પુરતા પ્રમાણમાં બેડની વ્યવસ્થા, હોસ્પિટલમાં પુરતા પ્રમાણમાં ઓકિસજનની વ્યવસ્થા, હોસ્પિટલમાં પુરતા વેન્ટીલેટરની વ્યવસ્થા, આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે કીટની વ્યવસ્થા, રેમડેસીવર તથા અન્ય ઈન્જેકશન અને દવાઓની વ્યવસ્થા, વેકસીનેશન કાર્યક્રમ માટે પુરતા ડોઝની વ્યવસ્થા અને હોસ્પિટલોમાં મેડીકલ, પેરા મેડીકલ સ્ટાફની પુરતા પ્રમાણમાં વ્યવસ્થા કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી.

વધુમાં આજે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખના આદેશ અનુસાર, હાલની કોરોનાની કહેરની પરિસ્થિતીમાં લોકોને ઓક્સિજન, બેડ અને રેમડેસીવર ઈન્જેકશન નથી મળતાં અને કાળા બજારીએ માઝા મુકી છે. આવા સંજોગોમાં સરકારની જવાબદારી લોકોને સુવિધા ઉપલબ્ધ કરાવવાની હોય છે પરંતુ લોકો આજે ખુબજ હાડમારી ભોગવી રહ્યાં છે. આ બાબતે સરકાર આયોજન કરે તે માટે આજરોજ દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા દાહોદ નગર પાલિકા ચોક ખાતે કોવિડની ગાઈડ લાઈન પ્રમાણે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યાં હતાં.

# દાહોદના ઈન્દોર હાઈવે ઉપર ગરબાડા ઓવર બ્રિજના નીચે ઢગલો PPE કીટો પડેલી જોવાઈ

દાહોદ,

ત્યારે દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના મુખ્ય મથક દાહોદમાં અમુક અસામાજિક કહી શકાય તેવા તત્વો દ્વારા ખુબ જ નાલેશીભર્યું કાર્ય કરવામાં આવ્યું છે. દાહોદના ઈન્દોર હાઈવે ઉપર ગરબાડા ઓવર બ્રિજના નીચે પહેરેલી PPE કીટ ફેકી દીધેલ છે અને આ PPE કીટ ખરેખર કોણ નાખી ગયેલ છે. તે મોટો તપાસનો વિષય બન્યો છે. આવા વ્યક્તિઓ શોધીને જેર કરવા જોઈએ અને આવી વ્યક્તિઓને સજા કરવી જોઈએ તેવી લાગણી અને માંગણી પણ ઉઠવા પામી છે.

વિશ્વમાં જ્યારે કોરોના મહામારી ચાલી રહી છે અને આટલી ખરાબ પરિસ્થિતિમાંથી લોકો જ્યારે ગુજરી રહ્યા છે. અને તંત્ર આ પરિસ્થિતિને કાબુમાં લેવાની કોશિશ કરી રહી છે અને જ્યારે કોરોના વોરિયર્સ ડોક્ટર, નર્સ પોતાના જીવ જોખમમાં મૂકી લોકોના જીવ બચાવી રહ્યા છે અને PPE કીટ પહેરી ૨૪ કલાક ખડેપગે રહી લોકોની દવા સારવાર કરી ટ્રીટમેન્ટ કરી રહ્યા છે અને દરેક વસ્તુની કાળજી લેવાનું સરકાર વારંવાર કહી રહી છે. ત્યારે આજરોજ દાહોદના ઈન્દોર હાઈવે રોડ ઉપર ગરબાડા ઓવર બ્રિજના નીચે PPE કીટ અહીં-તહીં વિખરાઈ હાલતમાં જોવા મળતા અવર જવર કરતા લોકો તેમજ સ્થાનિકોમાં ભારે રોષ પ્રગટ થવા પામ્યો છે. વહીવટી તંત્ર અને પોલીસ ખાતાએ તપાસ કરવી જોઈએ અને હાઈવે ઉપર આવી ખુલ્લી PPE કીટ નાખી જવાથી બીજા લોકોને તકલીફ ઊભી થાય તેવું આ કાર્ય કોણે કર્યું છે. તેની તપાસ થવી જોઈએ અને શું ખરેખર જાણીજોઈને તો PPE કીટ હાઈવે ઉપર નાખવામાં નથી આવીને? કે લોકોને અને તંત્રને દોડતા કરવા તો આ કૃત્ય કરવામાં નથી આવ્યુંને ? આ તમામ બાબતો વિચારવા જેવી છે અને આ જેને પણ કર્યું હશે તે બહુ ખોટું કર્યું છે. કારણકે પહેરેલી PPE કીટ રસ્તા ઉપર ફેંકી દેવી તે જીવતા બોમ્બ નાખવા બરાબર છે અને જે લોકોએ આવું કર્યું હોય તેઓને વહીવટી તંત્ર અને પોલીસ તંત્રએ આવા લોકોને શોધીને તેઓને સજા કરવી જોઇએ, જેથી ભવિષ્યમાં આવી ગંભીર ભૂલ આવા કપરાકાળમાં કોઈ કરવાની હિમ્મત ન કરે અને એક ઉદાહરણ બેસે કે આવું કોઈ પણ કૃત્ય કરશે તો તેના ઉપર સખ્ત કાર્યવાહી કરવા માટે તંત્ર ખડે પગે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલની પરિસ્થિતિને દયાનમાં રાખી સંલગ્ન તંત્ર દ્વારા આ મામલે તપાસ હાથ ધરે તે અત્યંત આવશ્યક બની રહ્યું છે.

# સંજેલીમાં બે દુકાનોને જાહેરનામાનો ભંગ બદલ સીલ



સંજેલી,

કોરોનાના પ્રકોપ દિન પ્રતિદિન વધી રહ્યો છે. તેને નાથવા માટે વહીવટી તંત્ર અગ્રેસર બન્યું છે. ત્યારે લોકોમાં જનજાગૃતિ લાવવા માટે કોરોનાના સંક્રમણને અટકાવવા માટે વિવિધ સૂચનો આપી, માર્ગદર્શન આપી રહ્યા છે. સંજેલી તાલુકા સેવાસદનમાં મામલતદાર, પોસઈના સંયુક્ત ઉપક્રમે વેપારીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં વેપાર-ધંધા ચાલુ રાખવા માટે સમય નિર્ધારિત કરવામાં આવ્યા હતા. જેમાં સર્વાનુમતે મંજુર કરી ધંધા-રોજગાર ચાલુ રાખવામાં સમય સહિત શનિ,અને રવિ બે દિવસ સંપૂર્ણ લોકડાઉન ના નિર્ણયને ગ્રાહ્ય રાખવામાં આવ્યો હતો તેમજ તેની સામે નિયમનો ભંગ કરવામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવ્યું હતું.

જેમાં ગતરોજ સંજેલીમાં બે દુકાનો નિર્ધારિત સમય પૂર્ણ થઈ ગયો હોવા છતાં ચોરી ચુપકી થી દુકાન ખોલીને વેપાર-ધંધો કરતા જાહેરનામાનો ભંગ બદલ સંજેલી ના નાયબ મામલતદાર સુજલ ચૌધરી સહિત સ્ટાફ દ્વારા શિક્ષાત્મક કામગીરીના ભાગરૂપે બે વેપારીઓએ સામે જાહેરનામાનો ભંગ બદલ દુકાનો સિલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. તંત્રની શિક્ષાત્મક કામગીરીથી વેપારી આલમમાં હાહાકાર મચી જવા પામ્યો હતો.

# દે.બારીયા તાલુકામાં બનાવવામાં આવેલ વિલેજ કોવીડ કેર સેન્ટરમાં ગ્રામ્ય લોકો સારવાર કરાવવા જવાનું ટાળી રહ્યા છે

દે.બારીયા,

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢબારીયા તાલુકા સહીત દાહોદ જિલ્લાના તમામ તાલુકાના ગામડામાં કોરોના મહામારીની બીમારી મને પોતાના ગામમાં ઘરે બેઠા સારવાર મળી રહે તે માટે સરકાર દ્વવારા વિલેજ કોવીડ કેર સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. મોટાભાગે ગામડાની પ્રાથમિક શાળાના ઓરડામાં આ એક પ્રકારનું નાનું કોવીડ દવાખાનું શરૂ કરાયું છે. દેવગઢબારીયા તાલુકામાં પણ ૮૦ થી ૮૭ જેટલાં વિલેજ કોવીડ કેર સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે.

દેવગઢબારીયા તાલુકાના ગામડામાં પણ હમણાં થોડા દિવસો થી રોજેરોજ માણસોના મરણ થતા રહે છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષ મૃત્યુદર વધારે કહી શકાય. બજારમાં કફન અને ફુલહાર વાળાને ત્યાં લોકો ની લાઈન લાગતી હોય છે. જેના ઉપર થી ખાત્રી થાય છે કે મરણનું પ્રમાણ વધારે છે. ગામડામાં તાવ, શરદી, ખાંસી જેવા સામાન્ય રોગો તો થતા રહેતા હોય છે, પણ કોરોના વાઈરસના નવા લક્ષણોમાં આ રોગોમાં લોકો કોરોના વાઈરસ પોઝિટિવ કાઢી દેશે તેમ માની ગામડાના લોકો દવાખાને જતા નથી અને પોતાના ઘરે દેશીવૈદું કરી રોગો મટાડી રહ્યા છે. દેવગઢબારીયા તાલુકાના બધા ગામડામાં વિલેજ કોવીડ કેર સેન્ટર શરૂ કરાયા પણ ગામડાના લોકો ત્યાં જવું પસંદ કરતા નથી. જેના કારણે દેવગઢબારીયા તાલુકાના તમામ વિલેજ કોવીડ કેર સેન્ટરના દર્દીઓના રોજના આંકડા માત્ર આરોગ્ય ખાતા વાળાને જ ખબર હશે. મોટાભાગના વિલેજ કોવીડ કેર સેન્ટર ના ખાટલા ખાલીખમ જોવા મળી રહ્યા છે. સરકાર દ્વારા હાલમાં વિલેજ કોવીડ કેર સેન્ટર જે ખોલવામાં આવ્યા છે. તે ગામમાં આરોગ્યની ટીમે ફરજીયાત ઘરે ઘરે જઈને લોકોના કોરોના ટેસ્ટ લેવામાં આવે અને જે લોકો કોરોના પોઝિટિવ હોય તેમને તુરંત ગામમાં બનાવેલ વિલેજ કોવીડ કેર સેન્ટર માં દવા સારવાર માટે દાખલ કરવામાં આવે. જેને લઈને ગામડા માં કોરોના સંક્રમિત દર્દીઓ ની સંખ્યા પણ સ્પષ્ટ મળી જાય. ગામડા માં કોરોના વાઈરસનો એક ખોટો વ્હેમ ભરાય ગયો છે કે જો કોરોના પોઝિટિવ આવશે તો દવાખાને ડોક્ટર મારી નાખશે..! આ કારણના લીધે ગામડાના લોકો તાવ ની પણ દવા કરાવવા દવાખાને જતા નથી. તો પછી ગામમાં બનાવેલ વિલેજ કોવીડ કેર સેન્ટર માં આ લોકો જશે ખરા...,?

આમ દેવગઢબારીયા તાલુકામાં બનાવવામાં આવેલ વિલેજ કોવીડ કેર સેન્ટરમાં ગામડાના લોકો ખોટા વ્હેમમાં સારવાર માટે જવાનું ટાળી રહ્યા છે.

# મોત ઝબહ કર દી જાએગી

હદીષ શરીફ મેં હૈ દોઝમ મે ૭૦,૦૦૦ વાદીયા હૈ. હર વાદી મેં ૭૦,૦૦૦ ધાટીયા હૈ, હર ધાટી મેં ૭૦,૦૦૦ અઝદહ હૈ (અજગર) ઔર ૭૦,૦૦૦ બિચ્છુ હૈ. હર કાફિર ઔર મુના ફિરકો ઉન ધાટીયો ઔર વાદીયોં મેં પહુંચના જરૂરી હૈ. હુઝૂર (અલૈહિ સલ્લામ)ને ફરમાયા ''હુબ્બે હુઝન'' સે પનાહ માંગો ! સહાબા ને અર્ઝ કિયા, હુબ્બે હુઝુન કયા ચીઝ હૈ ? ફરમાયા જહન્નમ મેં એક વાદી હૈ જીસ સે જહન્નમ ભી હરરોજ ૭૦,૦૦૦ બાર પનાહ માંગતી હૈ. જબ તમામ જન્નતિ જન્નત મેં પહુંચ જાએગે ઔર દો જખ્મે ફકત વોહી લોગ રહ જાએગે જીન કો હંમેશા વહા રહના હૈ. ઉસ વકત જન્નત ઔર દોજખ કે બીચ મેં મેંઢેકી શકલ મેં મોત કો લાઈ જાએગી ઔર તમામ જન્નતિયો ઔર દોજનીયો કે દિખા કર ઝબહ કર દી જાએગી ઔર ફરમાદછીયા જાએગા કે અય જન્નતીયો તુમ્હારે લિયે હંમેશા હંમેશા જન્નત ઔર ઉસકી ને અમતે હૈ ઔર દોજખીયો તુમ્હારે લીયે હંમેશા હંમેશા દોજખ ઔર ઉસકા અજાબ હૈ. મોત જબહ કરદી ગઈ અબ હંમેશા કી જીંદગી હૈ હલાકત વકના નહી ઉસ વકત એહલે જન્નત કી ખુશી કો કોઈ સીમા ન હોગી ઈસ તર એટલે દોજખ કે રંજો ગમ કી ભી કોઈ હદ ન હોગી. (બહવાલા શૈમુલ ઈસ્લામ મદની કેલેન્ડર જૂન ૨૦૧૧ માંથી).

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

**તા.૧૦/૫/૨૦૨૧ ચાંદ-૨૭ માહે રમઝાન**
**ખત્મે શહેરી ૪:૩૦ સવારે.**
**વકતે ઈફતાર ૭:૧૦ સાંજનો સુર્યાસ્ત.**
**આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.**

# SMS નો પાલનના અભાવના કારણે દાહોદ જીલ્લાના ગ્રામ્યમાં બીલ્લીપગે કોરોના રાક્ષસનો પગપેસારો થાય છે

દે.બારીઆ,

દાહોદ જીલ્લામાં કોરોના સંક્રમણના ૭૦% જેટલા કેસો ગામડાઓમાંથી આવી રહ્યા છે. ગુજરાત સરકાર અને આરોગ્ય વિભાગના દ્વારા ગુજરાત રાજયની સ્થાપનાના દિવસે સમગ્ર રાજ્યમાં મારૂ ગામ કોરોના મુકત ગામ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. દાહોદ જીલ્લાની વાત કરીએ તો હાલમાં ૭૦% જેટલા કોરોના સંક્રમણના કેસો અને ૩૦ ટકા જેટલા કેસો શહેરોમાંથી આવી રહ્યા છે. મળતી માહિતી અનુસાર દરેક ગામડાઓમાં કોવિડ કેર સેન્ટર બને એના માટે કામગીરી પણ શરૂ થઈ ચુકી છે. ૧૪,૦૦૦ જેટલા બેંકની સુવિધા ગ્રામ્યજનો માટે પોતાના ગામમા જરૂરી ટ્રીટમેન્ટ મળી રહે બહાર જવાનું ના રહે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. સાથે ખાસ કરીને વેન્ટીલેટર તથા ઓકસીજન મળી રહે તેના તકેદારી રાખવી પડશે દાહોદ જીલ્લાના ૬૯૯ ગ્રામ્યમાં વિલેજ કોવિડ કેર સેન્ટર શરૂ કરવામાં પ્રાથમિક શાળાઓમાં છે. જેથી જે તે શાળાના શિક્ષકોને પણ ખડેપગે રહેવું જોઈએ. કારણ કે, આ રાષ્ટ્રીય આપદા છે. તે ઘોષીત કરવામાં સરકારને શું ? વાંધો છે. જેમાં સૌનો સાથ સહકાની આવશ્યકતા છે. કોરોનાનો થર્ડ વેવ પણ આવશે તેને જોઈએ કેન્દ્ર સરકારને ઈમરજન્સી લાદવી જોઈએ જેથી ગેસ માફીયાઓ અને દવા અને ઈન્જેકશનના કાળા બજાર નિષ્ઠાથી નિભાવે તેના માટે કપરો અને કડક નિર્ણય લેવો પડશે તોજ કોવિડની થર્ડ વેવને આપણે સૌ ભેગા મળીને નાથી શકીશું.

# દાહોદ સ્મશાનના પાછળના ખાડા માંથી મૃતદેહના કંકાલ મળતાં તર્ક વિર્તકો

દાહોદ,

દાહોદ શહેરના સ્મશાનના પાછળના ભાગે આજે એક દ્રશ્યથી સૌ કોઈ અચંબા સહિત વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. આ વિસ્તારમાં ખાડામાંથી મૃતદેહના કંકાલ મળી આવતાં અનેક તર્ક વિતર્કો વહેતા થવા માંડ્યાં છે. હાલ કોરોના કાળમાં સ્મશાનની પાછળ કોઈ કે મૃતદેહને દાટી દીધી હશે કે, પછી કોઈ અન્ય કારણ? જેવા અનેક સવાલો નગરજનોમાં વહેતાં થવા માંડ્યાં છે.

દાહોદ શહેરના સ્મશાન વિસ્તારના પાછળના ભાગે ખાડામાં દટાયેલી હાલતમાં મૃતદેહના કંગાલ નજરે પડતાં અવર જવર કરતાં લોકો ગભરાઈ ગયાં હતાં. આ અંગેની જાણ સ્થાનીકો દ્વારા પ્રથમ તો ઓલ એનીમલ રેશ્કયુ ટીમને કરવામાં આવી હતી. ખાડામાંથી માનવ ખોપડી સહિત કંગાલ નજરે પડ્યાં હતાં. કંગાલને કુતરા તેમજ જંગલી પ્રાણીઓએ ફાડી ખાંધી હોવાનું પણ જાણળા મળી રહ્યું છે. ત્યારે હાલ કોરોનાની મહામારી ચાલી રહી છે. ત્યારે નજરે પડી રહેલા આ કંકાલને પગલે સ્થાનીકોમાં ભયનો માહોલ પણ જોવા મળ્યો હતો. મૃતદેહને દફન કરવામાં આવી હશે કે, પછી અન્ય કારણોસર નાંખી દેવમાં આવી હશે? જેવા અનેક સવાલો નગરજનોમાં વહેતા થવા માંડ્યાં છે. ત્યારે આ ખાડમાં એકથી વધારે મૃતકોની દફન વિધિ કરાઈ હોવાની પણ આશંકાઓ વ્યક્ત કરાઈ રહી છે. હાલની કોરોના પરિસ્થિતીને દયાનમાં રાખી સંલગ્ન તંત્ર આ મામલે તપાસ હાથ ધરે તે અત્યંત આવશ્યક બની રહ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 218

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# વેજલપુર ગ્રામ પંચાયતમાં સરપંચના પતિ, તલાટી અને મનરેગા શાખાના મહિલા અધિકારીનો વિકાસ

વેજલપુર, હાલ સમગ્ર વિશ્વવમાં કોરોનાની મહામારી ચાલી રહી છે અને પુરી દુનિયામાં લોકો કોરોનાનો કાળો કહેર સામે ઝઝુમી રહયા છે. ત્યારે કેટલાક લોકો કોરોના વોરીયર તરીકે લોકોને મદદરૂપ થય રહયા અને કેટલાક લોકો દ્વારા ગરીબ મધ્યમ વર્ગ ના લોકોને જરૂરી ચીજ વસ્તુઓ દાન કરી એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડે છે. ત્યારે વાત કરીએ તો વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા અને આજુ બાજુ ના મજૂરી મધ્યમવર્ગના લોકોને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેધરી (મનરેગા) યોજના અમલમાં આવેલ છે. તે યોજનામાં ગરીબ મજુર મધ્યમ વર્ગના લોકોને મજૂરી રોજગાર કામ આપીને ગરીબ લોકોનો પેટનો ખાડો પુરવાનો હોય ત્યારે કાલોલ તાલુકા પંચાયત અને વેજલપુર ગ્રામ પંચાયતના અધિકારીઓ અને સરપંચ તલાટી ગરીબ મજુર મદયમ વર્ગના લોકોનો હક મારી પોતાનો વિકાસ કરી રહયા છે. તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આવા કપરાકાળમાં ગ્રામિણ વિસ્તારના ગરીબ લોકોને રોજગારી આપીને આર્થિક સ્થિતિ સુધારવા માટે મનરેગા એક સારો વિકલ્પ છે. મનરેગા આમ તો યોજના નહિ પરંતુ રોજગાર અધિકાર કાયદો છે, એમાં પણ ભ્રષ્ટાચારની બુમો


Requested Period of Employment
Period and Work on which Employment Offered
Period and Work on which Employment Given

સમયાંતરે ઉઠતી રહે છે. કોરોના મહામારીમાં દરેક ગરીબ મજુર ને રોજગારી આપવાનો પડકાર ઉભો થયો છે. ત્યારે ભ્રષ્ટાચારના છીંડા પૂરીને ગરીબ મજૂરો રોજગારી આપવાનું સૌથી મોટું માધ્યમ બનાવી શકાય મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ ભારતમાં એક રોજગાર ગેરંટી યોજના છે. જે ગ્રામીણ શ્રેત્રોમાં બે રોજગાર ગરીબ લોકોને રોજગારી પુરી પાડે છે. ત્યારે વેજલપુર ગામના તથા આજુબાજુ ગ્રામીણ વિસ્તારોના જોબ કાર્ડમાં કામો કર્યા વગર મસ્ટરમાં હાજરી પુરીને જોબ ધારકોના ખાતામાં મજૂરી નામે રૂપિયા નખાવીને ફરી બાદમા જોબ કાર્ડ ધારકને બેંકમાં સાથે લઈ જઈ ને રૂપિયા ઉપાડી લઈને રૂપિયા સેરવી લેતા હોય છે. ત્યારે વાત કરીએ તો રેકર્ડ પર બતાવેલ કામો જેવા પ્રભાત કોમ્પલેક્ષ આગળ સીસી રોડનું કામ બતાવેલ છે. ત્યાં પ્રભાત કોમ્પલેક્ષ સામે ગોધરા વડોદરા હાઈવે આવેલ છે અને બીજી બાજુ વેજલપુર થી મેહલોલ રોડ પ્રસાર થાય છે અને પાછળના ભાગે ખેતરો આવેલા છે. તો ફરી મનરેગા યોજનામાં ૨૦૨૧માં સીસી રોડ કયા બનાવ્યો છે. તે પણ ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. પ્રભાત કોમ્પલેક્ષ આ તો માત્ર એક નમૂનો છે. જ્યારે મનરેગા યોજનામાં થયેલા કામોની વાત કરીએ તો વેજલપુર ગામમાં માત્ર ૨૦% જેટલા કામો થયા છે અને ૮૦% ટકા કમો માત્ર કાગળ ઉપર ઘોડા દોડાવીને કરીને લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચાર્યો છે અને વેજલપુર ગામના તળાવો ઉડા કર્યા વગર અને કેટલાક વિસ્તારોમાં માટી મેટલ કામ જમીન સમતુલન અને સી સી રોડ પેવર બ્લોકનું કામ ચેક ડેમોનું કામો ઓનલાઈન રેકર્ડ પર દર્શાવીને અને સ્થળ પર કામો કર્યા વગર લાખો રૂપિયા બનાવી લીધા છે. જયારે વેજલપુર ગામના કેટલાક જોબ કાર્ડ ધારક એવા છે કે તેઓ એ જીવનમાં મજૂરી કરી નથી અને તેવા લોકોએ પણ જોબ કાર્ડ માં રૂપિયા જમા કરાવી ને લાખો રૂપિયાની સરકારી ઉંચાપત કરી છે અને મધ્યમ ગરીબ વર્ગ મજૂરોનો હક માર્યો છે. આ સમાચાર વાંચ્યા પછી પણ જવાબદાર અધિકારીઓ આ અંગે કોઈ કાર્યવાહી ન કરે તો પોતે સમજી લેવું કે તેમના અંદરની આત્મા મરી ગઈ છે અને તેઓ પદ ઉપર થી રાજીનામું આપી દેવુ જોઈએ કારણ કે વેજલપુર ગ્રામ પંચાયત વર્ષો થી ચર્ચામાં રહી છે અને આવા અધિકારી કોઈ કાર્યવાહી કરવા રાજી ન હોય જેથી બીજા અધિકારીને શુભકાર્ય કરવાનો મોકો મળે વેજલપુર ગામમાં દરેક વિસ્તારમાં મનરેગામાં દર્શાવેલ કામો કર્યા હોત તો વેજલપુર ગામનો રૂપ બદલાય ગયો હોત.

- વેજલપુર પંચાયતમાં મનરેગા યોજના લાભાર્થીઓને રોજગારી પુરી પાડશે.
- વેજલપુર પંચાયતમાં થયેલ ભ્રષ્ટાચારની તપાસ થશે ?
- વેજલપુર પંચાયતમાં કામો થયા વગર નાણા ઉપાડી લેવામાં આવ્યા તેની વસુલાત કરાશે કે નહી ?
- વેજલપુર ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં કામ કર્યા વગર જોબકાર્ડના આધારે નાણાં ઉપાડી લેવામાં આવ્યા તેની વસુલાત કરાશે.

## વેજલપુર પ્રભાત કોમ્પ્લેકસ આગળ સી.સી.રોડનું કામ કાગળ ઉપર

વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા રેકર્ડ ઉપર પ્રભાત કોમ્પ્લેકસ આગળ સીસી રોડનું કામ બતાવવામાં આવેલ છે. સ્થળ ઉપર પ્રભાત કોમ્પ્લેકસની સામે ગોધરા-વડોદરા હાઈવે રોડ આવેલ છે. બીજી તરફ વેજલપુર થી મહેલાલ રોડ પસાર થાય છે. પાછના ભાગે ખેતરો આવેલા છે. તેમ છતાં ૨૦૨૧ના વર્ષમાં ગ્રામ પંચાયત દ્વારા માત્ર કાગળ ઉપર સીસી રોડ દર્શાવીને ગ્રામ પંચાયત દ્વારા ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે.

## વેજલપુર પંચાયતમાં મનરેગાના લાભાર્થીના ખોટા જોબકાર્ડ ભરી ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો

વેજલપુર ગ્રામ પંચાયતમાં મનરેગા અંતર્ગત જોબકાર્ડ ધરાવતા શ્રમજીવી લાભાર્થી એવા છે. જેમને મનરેગા અંતર્ગત કોઈપણ જાતની મંજુરી કરી નથી. તેવા લોકોના જોબકાર્ડમાં ખોટી હાજરી ભરીને લાભાર્થીઓના ખાતામાં રૂપિયા જમા કરાવીને ખાતા માંથી રૂપીયા ઉપાડી લેવડાવીને પંચાયતના સરપંચ, તલાટી અને કાલોલ તાલુકા મનરેગા વિભાગના મેળાપીપણામાં ભ્રષ્ટાચાર ફુલો ફાલ્યો છે. તેની તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવે તેમ છે.

## વેજલપુરમાં મનરેગા યોજનામાં તળાવ ઉંડુ કરવામાં ૭મે થી ૧૯ મે સુધી રોજમેળમાં એન્ટ્રી પડતા ચકચાર

કાલોલ તાલુકા પંચાયત કચેરીમાં આવેલ મનરેગા વિભાગના કર્મચારી અને વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી ક્રમ મંત્રી પોતાની મનમાની મુજબનો ભ્રષ્ટાચાર આચરતા હોઈ અને ઉપલા અધિકારીનો ડર રાખ્યા વગર પોતાના હોદ્દાનો દુર ઉપયોગ કરીને મસ્ટરમાં એંડવાન્સમાં તારીખ ૭/૫/૨૦૨૧ થી ૧૯/૫/૨૦૨૧ તળાવ ઊંડું કરવાની એન્ટ્રીઓ પાડતા લોકોમાં ચર્ચા એ જોર પકડ્યું છે કે વેજલપુર ગામ નું એકપણ તળાવ ઊંડું કરીયું નથી અને એંડવાન્સમાં મસ્ટરમાં એન્ટ્રીઓ પાડી ને જોબ કાર્ડ ધારકના એકાઉન્ટમાં નાણા નાખી કાલોલ તાલુકા પંચાયત વિભાગ કચેરીમાં આવેલ મનરેગાના કર્મચારી અને વેજલપુર ગામના તલાટી એ મસમોટું કૌભાંડ આચર્યુ છે.


વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી ક્રમ મંત્રી એ અનેક ગ્રાન્ટોમાં ભ્રષ્ટાચાર આચાર્યો હોય જેથી ગામના જાગૃત નાગરિકો સુધી વાત પહોંચી ગઈ હોય જેથી વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી ક્રમ મંત્રીના પાપનો ઘડો ભરાઈ ગયો હોય અને ફૂટે ના તે પહેલાં તલાટી ક્રમ મંત્રી એ બદલી કરાવવા અનેક પ્રયાસો કરી દીધા છે. તેવી લોક મુખે ચર્ચાઈ રહયુ છે.

## વેજલપુરમાં અત્યાર સુધી થયેલા વિકાસના ૨૦% કામો થયા જયારે બીજા કામો માત્ર કાગળ પર

વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં માત્ર ૨૦% વિકાસના કામો સ્થળ ઉપર થયેલ છે. જ્યારે ૮૦% કામો કાગળ ઉપર દર્શાવીને લાખો રૂપીયાનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. વેજલપુર ગ્રામ પંચાયતમાં અત્યાર સુધી જેટલા પણ સરપંચ આવ્યા છે. તેમના દ્વારા ગામના વિકાસમાં રસ રાખ્યો નથી અને માત્ર ભ્રષ્ટાચાર આચરીને નાણાં એકઠા કરી લેવાની વૃતિને લઈ ઘંધા ક્ષેત્રમાં આગળ પડતા ગણાતા વેજલપુરમાં વિકાસ દેખાઈ રહ્યો નથી.

# પંચમહાલ જીલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો રાફડો : રવિવારે ૧૪૫ કેસ પોઝીટીવ

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના સ્થિતી કપરી બનતી જાય છે. પ્રતિદિન કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. તેમાં પણ જે રીતે જીલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. તે ચિંતાનો વિષય બન્યો છે. ગ્રામીણ વિસ્તારમાં આજરોજ ૧૧૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે.જ્યારે શહેરી વિસ્તાર હાલોલમાં ૨૦ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. પંચમહાલ જીલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. તેની સાથે જ આરોગ્ય સેવાઓ ચરમરાઈ જવા પામી હોય તેવી સ્થિતી જોવા મળી છે. ગોધરા નર્સીંગ કોલેજ ખાતે બનાવવામાં આવેલ કોવિડ સેન્ટરમાં કોરોના સંક્રમિત દર્દીઓ વધતા ૧૦૮ માં ચાર થી પાંચ કલાક સુધી ૧૦૮માં સારવાર લેવા માટે દર્દીઓ મજબુર બન્યા છે. આનો ગ્રામ્ય વિસ્તારમાં ધીમીગતિ થી વધતા કોરોના સંક્રમણના કેસની સાથે આ સ્થિતી જોવા મળી રહી



છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં લોકો કોરોના સંક્રમણ થી બચવા માટે માસ્કનો ઉપયોગ કરે તેમજ સોશ્યલ ડીસ્ટન્સનું પાલન કરીને પોતે તથા પરિવારને કોરોના સંક્રમણ થી બચાવે તે હાલમાં કોરોના સંક્રમણ થી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરમાં કોરોના સંક્રમણ ઝડપ થી ફેલાઈ રહ્યું છે. બીજી લહેરની શરૂઆતમાં શહેરી વિસ્તારોમાં સંક્રમણના કેસ વધી રહ્યા હતા. ત્યારે બીજી તરફ પંચમહાલ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાની બીજી લહેરના સંક્રમણને ગંભીરતા થી લેવામાં આવ્યું નહિ અને વચ્ચે લગ્ન પ્રસંગો થતાં રહ્યા હતા. આવા ગ્રામ્ય વિસ્તારોમાં લગ્ન પ્રસંગમાં લોકો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સ, માસ્કનો ઉપયોગ ટાળવામાં આવ્યો હતો. પરિણામે ગ્રામીણ વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસમાં તેજી થી વધારો થતો જોવા મળ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસ વધતા આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર સતર્ક બન્યું છે. પંચમહાલ જીલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણ વધતા કોરોના સંક્રમણનો ભોગ બનેલ લોકોના ૧૦૮ દ્વારા ગોધરામાં નર્સીંગ કોલેજ કોવિડ સેન્ટરમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં મોડી સાંજ થી ૧૦૮માં સારવાર માટે લવાયેલા દર્દીઓને ૪ થી ૫ કલાક સુધી ૧૦૮માં સારવાર આપવામાં આવી હતી. હાલ દર્દીઓ વધતા કોવિડ હોસ્પિટલમાં બેડ ભરેલા હોય છે. તેમાં પણ ઓકસીજન બેડ ભાગ્યે ખાલી મળતાં હોય તેવા સમયે દર્દીઓ વધતા કોવિડ સેન્ટર ઉપર દર્દીઓની સ્થિતી ઉપર દયા આવી રહી છે. પંચમહાલ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૫ કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાયા છે. જ્યારે હાલોલ ૨૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. પંચમહાલ જીલ્લા માટે રાહતના સમાચાર એ છે કે, શહેરી વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. તેને લઈ આરોગ્ય વિભાગ માટે રાહત છે. જીલ્લામાં આજરોજ ૮૪ દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થતાં રજા અપાઈ છે.

### પંચમહાલ જીલ્લાના આજનો કોરોના સ્થિતી

હાલોલ - ૨૦

: ગ્રામ્ય વિસ્તાર :

ગોધરા - ૩૬
હાલોલ - ૪૧
મોરવા(હ) - ૧૨
ઘોઘંબા - ૨૯
શહેરા - ૦૭

સક્રિય કેસ - ૧૩૧૯
રજા અપાઈ - ૮૪
મૃત્યુઆંક - ૦૦

# ગોધરા તાલુકાના રાયસીંગપુરા ગામે છોકરીની હત્યામાં સંકળાયેલ હત્યારાને પોલીસે ઝડપ્યો

ગોધરા, ગોધરા તાલુકાના રાયસીંગપુરા ગામના ખેતરમાંથી છોકરીનું ગળું કાપીને હત્યા કરાયેલ મૃતદેહ ૬મેના રોજ મળી આવેલ હતો. વેજલપુર પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધાવા પામ્યો હતો. હત્યારાને શોધવા માટે એલ.સી.બી પોલીસ કામે લાગી હતી. મૃતક યુવતિના કુટુંબીજનોની પુછપરછ દરમ્યાન મળેલ કડીના આધારે હત્યારાને ઝડપી પાડવામાં આવ્યો.



વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના રાયસીંગપુરા ગામે ખેતરમાંથી છોકરીનું ગળું કાપી હત્યા કરાયેલ મૃતદેહ મળી આવ્યો હતો. જેની વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધી હત્યારાને પકડવા માટે તજવીજ હાથ ધરવામાં આવી હતી. હત્યારાને ઝડપવા માટે એલ.સી.બી.પોલીસ તપાસ ચલાવી રહી હતી. મરણજનાર યુવતિ ભૂમિકાના કુટુંબીજનોની પુછપરછ એલ.સી.બી.પોલીસ દ્વારા કરવામાં આવતાં જાણવા મળ્યું કે, ભૂમિકાનું સગપણ પંદરેક દિવસ પહેલા મહાદેવીયા ગામે રહેતા જનક ઉર્ફે જગો ઈશ્વરસિંહ સોલંકી સાથે કરેલ હતા. અને બન્ને મોબાઈલ ફોન થી વાતચીત કરતા હોય તેવું ફલિત થતાં પોલીસ ટેકનીકલ ઢબે તપાસ હાથ ધરી હતી. અને ભૂમિકાના મંગેતર જનક ઉર્ફે જગો ઈશ્વરસિંહ સોલંકીનું ઘનિષ્ઠ પૂછપરછ કરતાં પોતે ગુનો કરેલ હોવાની કબુલાત કરી હતી. જેમાં છોકરી ભૂમિકા તેના મંગેતર જનક ઉર્ફે જગો સોલંકી પાસે સોના-ચાંદીના દાગીના તથા મોબાઈલ ફોનની અવારનવાર માંગણી કરતી હતી. તેમજ તેની સોથ શારીરિક સંબંધ બાંધવા તૈયાર ન હતી. પોતાના ઘરના માણસો તેની સાથે લગ્ન કરવાનું હોય જેને લઈ માનસીક રીતે ત્રાસી ગયેલ હતા. જેને લઈ મોટર સાયકલ લઈને તેના ઘરે જઈને બહાર બોલાવી તેને કોઈપણ રીતે પતાવી દેવાનું તેનું નકકી કરી ૬મેના રોજ રાતના સમયે રાયસીંગપુરા ગામે ગયો હતો. ભૂમિકાને ઘરની પાછળ આવેલ ખેતરમાં બોલાવી અને બાથમાં લેવાના પ્રયત્ન કરતાં ઝટકો મારી દુર જતી રહેલ હતી. અને મેં જે સોના-ચાંદીના દાગીનાની માંગણી કરેલ છે. તે આપવાના છે કે કેમ તમારા થી આટલા દાગીનાનું સેટીંગ થતું નથી. તેને બાયલો છો કેશું તેમ કહેતા આરોપી જનક ઉર્ફે જગો એ ભૂમિકાને બાથમાં લઈ સંબંધ બાંધવાના પ્રયાસ કરતાં ભૂમિકા છટકી જતાં જનક ઉર્ફે જગા એ ગુસ્સામાં આવીને પહેરેલ નાઈટીના ખિસ્સામાંથી ચપ્પુ કાઢીને ભૂમિકાને બાથમાં પકડી માથાના વાળ પકડી ગળાના ભાગે ચપ્પુ થી બે-ત્રણ ઘા મારીને મોત નિપજાવ્યું હોવાની કબુલાત કરી હતી. પોલીસે રાયસીંગપુરા ગામ છોકરીની હત્યાના ગુનાના આરોપીને ઝડપી પાડી ગુનો ડીટેકટ કરવામાં આવ્યો.

# શહેરામાં હિન્દુ મહિલાની અંતિમવિધીમાં મુસ્લિમ સમાજના યુવાનો જોડાઈ માનવધર્મ નિભાવ્યો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરામાં કોરોના મહામારીથી પ્રજા હેરાન પરેશાન છે. ત્યારે નગરમાં એક માનવતાનુ ઊત્તમ ઉદાહરણ પુરુ પાડતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં કોરોના થી હિન્દુ મહિલાનું મોત થતા તેની અંતિમવિધિમાં મુસ્લિમ ઘાંચી સમાજના યુવકો જોડાયા ને માનવધર્મ નિભાવ્યો હતો.

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં કોરોનાના કેસો વધી રહ્યા છે. ત્યારે કોવિડ કેર સેન્ટરો માં કોવિડ દર્દીઓને ઓકસીજન સહિતની સુવિધા સાથે સારવાર પૂરી પાડવામા આવે છે. ખાસ કરીને કોવિડ દર્દીઓની સાથે બહૂ ઓછા સ્વજનો રહેતા હોય છે. નગરમાં આવેલ શુકલ ખડકીમાં રહેતા હિન્દુ મહિલા પુષ્પાબેન કોરોનાથી પીડીત હોવાથી તાલુકાની મુખ્ય રેફરલ હોસ્પીટલ ખાતે આવેલ કોવિડ કેર સેન્ટરમાં સારવાર અર્થે દાખલ થયા હતા. કોરોના દર્દી પુષ્પાબેન નંદુભાઈ કડિયાનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. કોરોના થી મોત થયેલ પુષ્પા બેનના મોટા પુત્ર અલ્કેશના મિત્રો તેની મદદે આવ્યા હતા. મુસ્લીમ ઘાંચી સમાજના યુવકો ફેઝાન સલીમ,અયુબ સફીકપોચા, ઉશામા મોયુદીન,સહલ મકસૂદ, મોહંમદ હાકીમ સહિતના પાંચ યુવાનો રમઝાન મહિનો ચાલી રહયો હોવા છતાં તેઓ કોવિડ કેર સેન્ટરથી પીપી કીટ શરીરે પહેરા વગર સ્મશાન સુધી પુષ્પાબેનના મૃતદેહ ને લઈ ગયા હતા. અંતિમ સંસ્કાર પણ હિન્દુવીધી પ્રમાણે તેમના મોટા દીકરા અલ્કેશએ પાંચ મુસ્લિમ યુવકોની મદદથી કર્યા હતા. કોરોનાની મહામારીમાં સગા સબંધીઓ પણ સાથે આવતા વિચાર કરતા હોય ત્યારે મુસ્લિમ ઘાંચી સમાજના યુવાનોએ માનવધર્મનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલ છે.


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

સમગ્ર સાવલીવાડ વિસ્તારમાં જરૂરતમંદ અને ગરીબ લોકોને અનાજ ની કિટનુ વિતરણ કરવામાં આવ્યું છે અને રૂ.૫૦૦/- ની રોકડ રકમ પણ આપી છે. હિન્દુ મુસ્લિમ ના થઈ આશરે ૫૦ થી વધુ મકાનો માં સહાય કરવામાં આવી છે. ગોધરા શહેરના જાણીતા ઉધોગપતિ એવાં હાજી ફિરદૌસ કોઠી ઉર્ફે હાજીબાવા દ્વારા આજરોજ વિશ્વ કર્મા ચોક પાસે આવેલ સાવલીવાડ વિસ્તારમાં ગરીબ અને જરૂરીયાતમંદ હિન્દુ-મુસ્લિમ પરીવારોને અનાજની કિટનું વિતરણ તેમજ રોકડ રકમની મદદ કરવામાં આવી. તે બદલ હાજી ફિરદૌસ કોઠી સાહેબનું સાવલીવાડ વિસ્તારના સમગ્ર હિન્દુ-મુસ્લિમ ભાઈઓ ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.

## ગોધરા શહેરના સિવિલ હોસ્પિટલ અને જનરલ નર્સિંગ સ્કૂલ ખાતે વીજપુરવઠો ખોરવાઈ નહિ તે માટે વીજ કંપની દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, પંચમહાલ જિલ્લામાં કોરોના કેસોમાં વધારો યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે ગોધરા શહેરમાં આવેલી સિવિલ હોસ્પિટલ તેમજ સીવીલ હોસ્પિટલ સંલગ્ન જનરલ નર્સિંગ સ્કૂલ ખાતે હાલમાં કોવિડ કેર સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે. જેમાં વેન્ટિલેટર અને ઑક્સિજન સહિતની સુવિધા ઊભી કરવામાં આવી છે. ત્યારે આ બંને કોવિડ કેર સેન્ટરમાં વીજપુરવઠો સતત મળી રહે તે અનિવાર્ય છે.જેને લઈને મધ્ય ગુજરાત વીજ કંપની ગોધરા વિભાગ દ્વારા લીલેશરા ખાતે આવેલા પાવર સ્ટેશનથી લઈને ગોધરા સીવીલ લાઈન્સ સુધીની વીજલાઈનનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.વીજ કંપની દ્વારા તમામ વીજપોલ અને લાઈનનું મરામત કામગીરી પણ કરવામાં આવી હતી. તો વીજ લાઈન વચ્ચે આવતા બિનજરૂરી ઝાડી ઝાંખરા પણ દૂર કરવામાં આવ્યા હતા. વાવાઝોડા ની શક્યતાઓ વચ્ચે વૃક્ષ ધરાશાયી થઈ વીજલાઈન પર ન પડે તેની પણ શકયતા ચકાસવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલ અને નર્સિંગ કોલેજ ખાતે કાર્યરત કોવિડ કેર સેન્ટર ખાતે વીજ પુરવઠો ન ખોરવાઈ તેની તકેદારીના ભાગરૂપે આ કામગીરી કરવામાં આવી હતી.મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ દ્વારા અંદાજે ૩ કિમી લાંબી વીજ લાઈનનું નિરીક્ષણ કરી ક્ષતિઓ દૂર કરવામાં આવી હતી.

## પોપટપુરા ગામેથી પોલીસે ચાર ગૌવંશને કતલખાને જતા બચાવ્યાઃ બે આરોપીઓ સામે ફરિયાદ



ગોધરા, ગોધરામા પશુઓની હેરાફેરી કરનારા ઈસમોના મનસુબા પર પંચમહાલ પોલીસે પાણી ફેરવી દીધું છે.પોલીસે ગૌવંશ તથા વાછરડી, મોબાઈલ, છોટાહાથી તેમજ ફોરવ્હીલ ગાડી મળી કુલ કિ.રૂ.૧,૮૧,૦૦૦/- ના મુદ્દામાલ સાથે બે આરોપી વિરૂધ્ધ એડીવીઝન પોલીસે ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પંચમહાલ ગોધરા રેન્જ ડી.આઈ.જી. એમ.એસ.ભરાડાતથા પોલીસ અધિક્ષક ડૉ.લીના પાટીલ તરફથી જીલ્લામાં ગૌવંશ કતલ તથા ગૌવંશની ગેરકાયદેસર હેરફેરની પ્રવૃતિ નાબૂદ કરવાની મળેલી સુચનાના આધારે ડીવાએસપી સી.સી.ખટાણા તથા ગોધરા એ ડીવીઝન પો.સ્ટેના પોલીસ ઈન્સપેક્ટર એમ.ઝેડ.પટેલના માર્ગદર્શન અને સુચના મુજબ પો.સબ.ઈન્સપેક્ટર .કે.પી.ઝાલાને મળેલી ખાનગી બાતમીને હકીક્ત ગણીને તેઓ દ્વારા ગોધરા શહેરા હાઈવે માર્ગ ઉપર છબનપુર બ્રિજની આગળ પોપટપુરા પાસે વોચ ગોઠવી હતી. પોલીસ આવતા જતા વાહનોની તપાસ કરી રહી હતી. તે દરમિયાન એક છોટાહાથી ફોરવ્હીલ સફેદ કલરની ગાડી ને ઉભી રાખીને ડાલામાં તપાસ કરતાં પશુઓ ને કતલ કરવાના ઈરાદે પગ તથા ગળામાં ટુકા-ટુકા દોરડાઓ વડે ક્રુરતાપૂર્વક બાંધી રાખેલ હતા. પોલીસે ગૌવંશ નં-૨ તથા વાછરડી નં-૨ બચાવી લઈ પરવડી પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા હતા. પોલીસે ગૌવંશ તથા વાછરડી, મોબાઈલ, છોટાહાથી ફોરવ્હીલ ગાડી મળી કુલ કિ.રૂ.૧,૮૧,૦૦૦/- નો મુદ્દામાલ સાથે ગુન્હો આચનાર આરોપીઓ વિરદ્ધ ગુજરાત પશુ સરક્ષણ સુધારા અધિનીયમ મુજબ તેમજ પશુ ક્રૂરતા અધિનીયમ મુજબ ફરીયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.